ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૭/૧૯–૨૦/2172 તારીખ : 24 JAN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અનિલકુમાર મોહનલાલ,**
દરબારગઢ શેરી,
ગામ–થાનગઢ,
તા.થાનગઢ, જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૪૨૭૬ ૬૭૯૪૧.**

કેસ નં.૮૭/૧૯–૨૦

**વિષય : એલ.ઈ.ડી. લેમ્પના નાણા પરત કરવા અંગે**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૯/૧૦/૨૦૧૯. અત્રેની કચેરીને મળ્યા તા.૦૧/૧૧/૨૦૧૯.
(૨) કોર્પો. કચેરી પત્ર નં.૬૯૭૦ તા.૧૭/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૧૯–૨૦/૪૩૫૩ તા.૦૪/૧૧/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૧૯–૨૦/૫૨૦૧ તા.૨૪/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૭/૦૧/૨૦૨૦** નાં રોજ રૂબરૂ રજુઆત કરવા માટે હાજર રહેવા જણાવેલ, જેમાં તમો હાજર રહેલ નથી. આપની રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૭/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી અનિલકુમાર મોહનલાલ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૦૭.૦૧.૨૦૨૦ ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એચ. ડી. સીસોદીયા, સુપ્રી. એકાઉન્ટ, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી અનિલકુમાર મોહનલાલ, મુ.થાનગઢ, જી.સુરેન્દ્રનગરની એલ.ઈ.ડી. લેમ્પના નાણા પરત કરવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૭/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૭/૧૯–૨૦/૪૩૫૩ તા.૦૪.૧૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭.૦૧.૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી હાજર રહેલ નથી તથા પ્રતિવાદી તરફેશ્રી એચ. ડી. સીસોદીયા, સુપ્રી. એકાઉન્ટ, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારે ત્યાં સીંગલ ફેઈઝ મીટરના બીલમાં રૂા.૭૫/– L.E.D. લેમ્પનાં બાકી ગણીને આવે છે.

૧.૨ આ બાબતે અમારી રજુઆત છે કે મે પીજીવીસીએલમાંથી L.E.D. લેમ્પ લીધેલા નથી તેમ છતાં મને બીલમાં રૂા.૭૫/– આવે છે, તો આ મને રૂા.૭૫/– જે બીલમાં આવે છે તે કાપી આપશોજી. આ અગાઉ મે લેખીતમાં અરજી આપેલ છે તો મને આ રૂા.૭૫/– બાદ કરી આપશોજી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અનિલકુમાર મોહનલાલ એ રજુઆત કરેલ છે કે તેઓના વીજબીલમાં એલ.ઈ.ડી. લેમ્પ નહી લેવામાં આવેલ હોવા છતાં રકમ રૂ.૭૫/– ઉધારવામાં આવેલ છે.

૨.૨ સદર બાબતે જણાવવાનું કે સદર રકમ એલ.ટી. બીલીગ સીસ્ટમમાં આપવામાં આવેલ ઉજાલાની લીકમાં એન્ટી આપવામાં આવેલ છે. જે મુજબ ઉજાલાના રીફન્ડ પ્રોસેસના રીપોર્ટમાં તા.૧૬.૦૯.૨૦૧૯ ના રોજ જમા આપવામાં આવેલ છે અને વીજબીલના કુલ રકમના સરવાળામાં કે ગ્રાહકના લેઝરમાં કોઈ પણ રકમ એલ.ઈ.ડી. લેમ્પ તરીકે બાકી આવેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અનિલકુમાર મોહનલાલ ગામ–થાનગઢમાં સીગલ ફેઈઝ વીજજોડાણ ધરાવ છે, જેનો ગ્રાહક નં.૨૭૭૦૧/૦૬૪૩૨/૦ છે.

૩.૨ વાદીની રજુઆત મુજબ વાદીએ L.E.D. લેમ્પની કોઈપણ ખરીદી ન કરેલ હોવા છતાં તેના વીજ ખાતામાં પ્રતિવાદી દવારા રૂ.૫૨૫/– ઉધારેલ છે, જે તેઓએ વીજબીલ સાથે ભરપાઈ કરી આપેલ છે.

૩.૩ પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ વાદીએ ભરેલ લેમ્પની રકમ 'ઉજાલા રીફન્ડ' પ્રોસેસમાં કાર્યવાહી કરી આપેલ છે અને તેની મંજુરી મળ્યેથી વાદીએ ભરેલ રકમ તેમના વીજ ખાતામાં ક્રેડીટ આપી એડજસ્ટ કરવામાં આવશે.

૩.૪ પ્રતિવાદીએ વાદીની ઉજાલા લેમ્પની ઉધારેલ અને વસુલેલ રકમ માસ (૨) બે માં ક્રેડીટ આપવા.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એન. આજકીયા)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૭.૦૧.૨૦૨૦

Consumer Grievance Redressal Forum P.G V.C.L. Bhavnagar